PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩/ ૨૦ તારીખ: ૧/૩/૨૩

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
ઇન્ડ્સ ટાવર્સ લીમીટેડ
બાલેશ્વર સ્કેવર
૧૦૩ એસ.જી હાઈવે
અમદાવાદ-૩૮૦૦૫૪
મોબાઇલ નંબર:- ૯૯૦૯૦૨૨૭૪૧

વિષય :-કેસ નંબર પીજી ૦૪/૦૦૧/૨૦૨૨-૨૩
સંદર્ભ :-આપની અરજીનોંધણી નં. પીજી૦૪/૦૦૧/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ગાધીધામ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, કે.એફ.ટી.ઝે.ડ. ગાધીધામ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

Email - forumbhuj.pgvcl@gebmail.com.


કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. /     /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG04-001-2022-23

**ઇન્ડસ ટાવર લીમીટેડ ના પ્રતિનિધિ**

**એ.વિસ્વનાથન**ગામ:-ગાંધીધામ,તા:- ગાંધીધામ, જી:-કચ્છ...............**અરજદાર.**

વિરુધ્ધ

**કાર્યપાલકઈજનેરશ્રી,**

પીજીવીસીએલ વિભાગીય કચેરી, *ગાંધીધામ* -કચ્છ...........**સામાવાળા.**

બાબત:- ઓડીટ રીપોર્ટ મુજબના પુરવણી બીલ અંગે...

અરજદાર તરફે :- શ્રી **એ.વિસ્વનાથન**

સામેવાળાના તરફે :- શ્રી ડી.આર.ગઢીયા (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, *ગાંધીધામ*

કોરમ: (૧) શ્રીબી.પી.બૂચ - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(3) શ્રીપી.સી.કાલરીયા – મેમ્બરટેક

સુનાવણી સ્થળ:- કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: ૧૬/૦૨/૨૦૨૩

# ઠરાવ

આ કામના અરજદારશ્રીની અરજી ની હકીકત એવી છે કે ગ્રાહક મેસર્સ ઇન્ડસ ટાવર લીમીટેડ ગ્રાહક નંબર ૮૬૮૦૫/૧૦૦૧૭/૮ કે.એફ.ટી.ઝેડ. પેટા વિભાગીય કચેરીમાં mobile tower નુ વીજ વપરાશનું કનેક્શન ધરાવે છે.સદરહુ વીજ કનેક્શન વર્ષ ૨૦૦૯ મા લેવામાં આવેલ છે.સદરહુ કનેક્શનમાં વર્ષ ૨૦૦૯ થી વર્ષ ૨૦૨૦ સુધી Electric Duty ૧૦% થી ૨૦% લેવા પાત્ર થાય છે. એમની રિકવરી રૂ. ૬,૦૭,૬૯૨.૧૭ ઓડીટ ટીમ દ્વારા કાઢવામાં આવેલ છે.માનનીય લોકપાલ શ્રીના કેસ નંબર ૧૦૭/૨૦૨૧ ના જજમેન્ટ તારીખ ૧૨/૦૫/૨૦૨૨ મુજબ બે વર્ષથી વધુ સમયગાળા ની ઓડીટ રિકવરી થઇ શકે નહી. supply code No. 4/15 clause No.6.84 મુજબ બે વર્ષ ઉપરની recovery થઇ શકે નહી.આમ, રૂ. ૬,૦૭,૬૯૨.૧૭ રિકવરી રદ કરવા વિનંતી.

સામે વાળા પીજીવીસીએલની રજૂઆત એવી છે કે સદર સ્થળ ઉપર ઇન્ડસ ટાવર લીમીટેડ નામ થી એન.આર.જી.પી. -સી કેટેગરી વાળું કનેક્શન ગ્રાહક નંબર ૮૬૮૦૫/૧૦૦૧૭/૮ તા.૧૬/૧૦/૨૦૦૯ ના અપાયેલ.

ઓડીટ ટીમ ના પત્ર IA&I./KC/1525/Dt.18.11.2022ના પારા નંબર 4.3/4 અનુસાર ઉપરોક્ત વીજ જોડાણ ટાવર હેતુ માટે લીધેલ સર્વિસ એકમ હોય તો ઈલેક્ટ્રીસીટી ડયુટી ચાર્જ ૨૦% મુજબ ભરવાપાત્ર છે, પરંતુ ઉપરોક્ત ટાવર વીજ જોડાણમાં ઈલેક્ટ્રીસીટી ડયુટી ચાર્જ ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન મુજબ ૧૦% મુજબ કનેક્શન આપ્યા તારીખ થી ચાર્જ થયેલ છે.

સદર ઓડીટ રીપોર્ટ મુજબ ડીસે-૨૦૧૦ થી જુલાઈ -૨૦૨૦સુધીના સમયગાળાની ઈલેક્ટ્રીસીટી ડયુટી ચાર્જ તફાવતની રકમ રૂ. ૬,૦૭,૬૯૨.૧૭ રિકવરી ભરવાપાત્ર છે.

સદર ઓડીટ રિકવરી મુજબનું બીલ ગ્રાહકને પત્ર ક્રમાંક કાસેઝ/રેવ/ઓડીટ/૨૦૨૨/૧૫૮૦ તા.૨૩.૧૧.૨૦૨૨ થી ભરપાઈ કરવા જણાવેલ અને તે બાબતની આખરી નોટીસ પત્ર ક્રમાંક કાસેઝ/રેવ/ઓડીટ/૨૦૨૨/૧૬૪૪ તા.૧૨.૧૨.૨૦૨૨ દ્વારા મોકલવામાં આવેલ.

લીમીટેશન એકટ ૧૯૬૩,સેક્શન -૧૭(૧)(સી) મુજબ મિસ્ટેક થાય તેવા સંજોગોમાં જ્યારથી મિસ્ટેક શોધવામાં આવેલ હોય ત્યારથી લીમીટેશન પીરીયડ ચાલુ થાય છે જે શબ્દશ : નીચે મુજબ છે.

As per section 17(1)( c ) of the limitation Act,1963, in case of a mistake the limitation period begins to run from the date when the mistake is discovered for the first time in Mahabir Kishore and Ors.v.State of Madhya Pradesh,5 this Court held that :- 18

section 17(1)( c ) of the limitation Act,1963,provides that in the case of a suit for relief on the ground of mistake, the period of limitation, does not begin to run until the plaintiff had discovered the mistake or could with reasonable diligence, have discovered it. In a case where payment has been made under a mistake of law as contrasted with a mistake of fact, generally the mistake become known to the party only when a court makes a declaration as to the invalidity of the law. Though a party could, with reasonable diligence, discover a mistake of fact even before a count makes a pronouncement, it is seldom that a person can, even with reasonable diligence, discover a mistake of law before a judgment adjudging the validity of the law."(Emphasis supplied) ગ્રાહક દ્વારા ઉપરોક્ત વીજ જોડાણ લીધેલ સમયે રજુ કરેલ એ-૧ ફોર્મ તથા દસ્તાવેજી આધાર પુરાવા માટે તમામ જગ્યા ઉપર ટાવર માટે વીજ જોડાણનો હેતુ દર્શાવેલ છે. જેથી ઈ.ડી.૨૦% વસુલવા પાત્ર છે.

બન્ને પક્ષકારોની રજૂઆત જોતા મોટા ભાગની હકીકતો અંગે પક્ષકારો વચ્ચે તકરાર સદરહુ વીજ કનેક્શન ગ્રા.નં.૮૬૮૦૫/૧૦૦૧૭/૮ મેસર્સ ઇન્ડસ ટાવર લીમીટેડમાં ઓડીટ રીપોર્ટ મુજબ

Electric Duty જે ૨૦% ને બદલે ૧૦% લેવાની હતી એમની રિકવરી રૂ. ૬,૦૭,૬૯૨.૧૭ બાબતની છે સદરહુ કનેક્શન "Mobile tower તરીકે ઉપયોગ થાય છે અને ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ clause No.4 મુજબ ૨૫% અને સુધારા અધિનિયમ ૨૦૨૦ નંબર ૭૩૧૩/૩૩ તારીખ ૨૪/૦૪/૨૦૨૦ મુજબ સદરહુ ટાઈપના વીજ વપરાશ પર ૨૦% લેવા પાત્ર છે.

-: હુકમ:-

સદરહુ ફરિયાદી ને અપાયેલ ઓડીટ રિકવરી પુરવણી બીલ રૂ. ૬,૦૭,૬૯૨.૧૭ નિયમ મુજબ અને ભરવાપાત્ર છે.

અરજદારની અરજીનો નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.

આ હુકમ આજ તા.૧૬/૦૨/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (બી.પી.બૂચ) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેર પર્સન્ |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ ૩૦માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ૩.૧૭ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ૩.૧૭ (૮) મુજબ ફરીયાદી એ જરૂરી હોય તો ફોરમના હુકમ નામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવરહાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧.